| | | |
|---|---|---|
| सत्यमेव जयते | દાખલ તારીખ | ૧૮/૦૯/૨૦૦૨ |
| | રજીસ્ટ્રેશન તારીખ | ૧૮/૦૯/૨૦૦૨ |
| | ફેંસલ તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| | સમયગાળો | **વર્ષ – માસ – દિવસ**<br>**૨૩ – ૦૯ – ૨૦** |

**કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાચી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.**

**ક્રિમીનલ કેસ નં.૧૭૦૫/૨૦૦૨**

**આંકઃ**

**(કલોલ તાલુકા પો.સ્ટે.ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૪/૨૦૦૨)**

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | : | | **શ્રી સરકાર**<br>**(વ્યાસ મનનકુમાર જયેન્દ્રભાઇ)** |
| **આરોપી** | : | **૧.** | **ડાભી ભાવિકકુમાર સતુજી**<br>ઉ.વ.૨૦,<br>રહે.૩૩, બી મીલકામદાર સોસાયટી,તા. કલોલ,<br>જી. ગાંધીનગર. |
| | : | **૨.** | **ત્રિવેદી વિરિચમભાઇ ગિરીશભાઇ,**<br>ઉ.વ.૧૮,<br>રહે.૭, બી મીલ કામદાર સોસાયટી, તા. કલોલ, જી. ગાંધીનગર. |
| **ફરિયાદ પક્ષે** | : | | **વિ.એ.પી.પી. શ્રીમતી એસ. એસ. રાઠોડ** |
| **આરોપી નં.૧ તરફે** | : | | **વિ.વ.શ્રી. એ. કે. ઓઝા** |
| **આરોપી નં.૨ તરફે** | : | | **વિ.વ.શ્રી. એચ. પી. બારોટ** |

## ફોર્મ - "બી"

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | : | તા.૨૨/૦૭/૨૦૦૨ |
| એફ.આઈ.આર. તારીખ | : | તા.૨૨/૦૭/૨૦૦૨ |
| ચાર્જશીટ રજુ તારીખ | : | તા.૧૮/૦૯/૨૦૦૨ |
| તહોમતનામું ઘડયા તારીખ | : | – |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | તા.૧૧/૦૧/૨૦૨૩ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | : | તા.૦૬/૦૭/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | : | તા.૦૭/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જે હોય તો | : | – |

આરોપીની વિગતો

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુન્હો | નિર્દોષ /સજા | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ડાભી ભાવિકકુમાર સતુજી | તા.૨૫/૦૭/૨૦૦૨ | તા.૨૫/૦૭/૨૦૦૨ | ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૨. | ત્રિવેદી વિરચમભાઈ ગિરીશભાઈ | | | | | | |

## ફોર્મ – "સી"

**એ. ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૨૭ | બીપીન લક્ષ્મીશંકર ત્રિવેદી. | રીકવરી પંચનામાંના પંચ |
| ૨. | ૨૯ | કાન્તીભાઇ નગીનભાઇ નાયક. | ગુન્હાવાળી જગ્યાના પંચ |
| ૩. | ૩૧ | જયેન્દ્ર ડાહ્યાભાઇ વ્યાસ. | સાહેદ |
| ૪. | ૩૪ | મનન જયેન્દ્રભાઇ વ્યાસ. | ફરિયાદી |
| ૫. | ૩૬ | ભાવનાબેન જયેન્દ્રભાઇ વ્યાસ. | સાહેદ |
| ૬. | ૩૭ | ડો.વિનોદકુમાર ચીમનલાલ શાહ. | મેડીકલ ઓફિસર |
| ૭. | ૩૯ | ધર્મેન્દ્ર ચંદ્રકાંત જોષી. | રીકવરી પંચનામાંના પંચ |
| ૮ | ૪૦ | મફતલાલ જીવણલાલ. | ત.ક.અ. |

**બી. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૮ | ગુન્હામાં ઉપયોગ કરેલ વાહનનું પંચનામું અસલ. |
| ૨. | ૩૦ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ. |
| ૩. | ૩૫ | ફરિયાદની ઝેરોક્ષ નકલ. |
| ૪. | ૩૮ | સારવાર સર્ટીફિકેટ. |
| ૫. | ૪૧ | અસલ ડેપ્યુટ હુકમ. |
| ૬. | ૪૨ | અસલ સારવાર સર્ટીફિકેટ. |
| ૭. | ૪૩ | અસલ ફરિયાદ. |
| ૮. | ૪૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ અસલ. |
| ૯. | ૪૫ | ફરિયાદીની ફરિયાદ લગત વિશેષ ફરિયાદ/નિવેદન. |
| ૧૦. | ૪૬ | ગુન્હામાં ઉપયોગ કરેલ વાહનના પંચનામાની નકલ |

<u>**–: ચૂકાદો :–**</u>

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તા.૨૨/૦૭/૨૦૦૨ ના કલાક ૧૩:૦૦ વાગે મોજે કલોલ ટાઉનમાં આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના ગ્રાઉન્ડમાં ફરિયાદીને વખારીયા હાઇસ્કૂલમાં ધોરણ ૧૨ ના કલાસમાંથી બોલાવી બાઇક નં.જીજે-૦૧-સીએલ-૪૫૭૯ ઉપર બેસાડી લઇ જઇ કોલેજ ગ્રાઉન્ડમાં તહોમતદારે જણાવેલ કે, *''તુ અમોને મારવાની વાત કરે છે''* તો ફરિયાદીએ આ બાબતની ના પાડતાં તહોમતદારો એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી તહોમતદાર નં.૦૧ નાએ ગળદાપાટુંનો માર મારી ડાબા કાન ઉપર લાફો મારી કાનના અંદરના પડદાને નુકશાન કરી તહોમતદાર નં.૦૨ નાએ ફરિયાદીના બરડામાં લાતો મારી બંને તમોમતદારોએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, **ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબતઃ**

(૦૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, આ કામે આરોપીઓને ફોજદારી સી.આર.પી.સી.ની કલમ-૨૦૪ અન્વયે સમન્સ જારી કરવામાં આવેલ જે આરોપી નં.૦૧ ને બજી જતા આરોપી નં.૦૧ અદાલત રૂબરૂ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી. ની કલમ-૨૦૭ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૧ સામે **આંક-૬૪** થી તહોમતનામું ફરમાવેલ છે અને **આંક-૬૫ થી** આરોપી નં.૧ ની પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી, આરોપી નં.૧ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે. જ્યારે, આરોપી નં.૨ નું વોરંટ *''વિદેશ ગયેલા છે''* તેવા શેરા સાથે વગર બજે પરત આવતા, અત્રેની કોર્ટ દ્ધારા

તેઓની સામેનો કેસ સીઆર.પી.સી.ની કલમ–૨૯૯ હેઠળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨.૧) પક્ષકારોને સમાધાન થતાં **આંક–૬૨** થી સમાધાન પુરશીષ રજુ કરવામાં આવેલ છે. જેથી**, ભારતીય ફોજદારી સંહિતા–૧૯૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪** મુજબના ગુન્હાના સંદર્ભે આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતા–૧૯૭૩ ની કલમ–૩૨૦(૧)(૨)(૮) અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી સામેના બાકીના ગુન્હા અંગેની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતઃ**

(૦૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત **ફોર્મઃસી** માં ફરિયાદ પક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે તરફે **આંક–૬૩** થી વધુ પુરાવો રજુ કરવો નથી, તે મુજબની ક્લોઝીંગ પુરશીષ આપવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝડ કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૦૪) ફરીયાદ પક્ષે તરફે પુરાવો પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, "અમો આરોપી ઉપર ખોટી ફરિયાદ ફરિયાદીએ કરેલ છે, અમો નિર્દોષ છીએ. આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે, બચાવના સાક્ષી તપાસવાનું પસંદ કરેલ નથી.

**ફરીયાદી તથા આરોપી પક્ષે દલીલોઃ**

(૦૫) બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીની બિનસમાધાન પાત્ર દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય અને કોઈપણ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી મુકવા દલીલ કરેલ છે. જ્યારે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, લેખિત તેમજ મૌખિક પુરાવા ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ કેસ પુરવાર કરી શક્યા છે.

**(૦૬) આ કામના ન્યાયિક નિર્ણય હેતું અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**૧.** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ તા.૨૨/૦૭/૨૦૦૨ ના કલાક ૧૩:૦૦ વાગે મોજે કલોલ ટાઉનમાં આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના ગ્રાઉન્ડમાં ફરિયાદીને વખારીયા હાઈસ્કૂલમાં ધોરણ ૧૨ ના કલાસમાંથી બોલાવી બાઇક નં.જીજે-૦૧-સીએલ-૪૫૭૯ ઉપર બેસાડી લઈ જઈ કોલેજ ગ્રાઉન્ડમાં તહોમતદારે જણાવેલ કે, તુ અમોને મારવાની વાત કરે છે તો ફરિયાદીએ આ બાબતની ના પાડતાં તહોમતદારો એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી તહોમતદાર નં.૦૧ નાએ ગળદાપાટુંનો માર મારી ડાબા કાન ઉપર ફાફો મારી કાનના અંદરના પડદાને નુકશાન કરી તહોમતદાર નં.૦૨ નાએ ફરિયાદીના બરડામાં લાતો મારી બંને તમોમતદારોએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, **ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૩૨૫, ૫૦૬(૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**૨.** શું હુકમ ?

(૬.૧) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. **આખરી હુકમ મુજબ.**

**(૦૭) રેકર્ડ થયેલ પુરાવાનો ટૂંકસારઃ-**

**(૭.૧)આંક-૨૭** થી જુબાની આપનાર **પંચ – બીપીન લક્ષ્મીશંકર ત્રિવેદીએ** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૦૨ ની સાલમાં હું મીનિરલ વોટર ની એજસી ધરાવી હું મારો વેપાર ધંધો કરતો હતો ત્યારે તા. ૨૫/૦૭/૨૦૦૨ ના બપોર ના સમયે હું કલોલ શહેર પો.સ્ટે. પાસેથી પસાર થતો હતો ત્યારે ત્યારે પોલીસે મને ઉભો રખાવી એક તૈયાર પંચનામા માં સહી કરવાનુ કહેતા પોલીસના કહેવા પ્રમાણે મેં સહી કરી દીધેલ હતી. તે પંચનામામાં શું લખેલ હતુ તે મને ખબર નથી કે પોલીસે તે મને વાંચી સંભળવેલ નહી. પોલીસે મારી હાજરીમાં કોઇ મુદ્દામાલ વાહન કબજે કર્યાનું પંચનામામાં સહી લીધેલી તે પંચમાનુ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છું કે તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે. પંચનામા ને રેકર્ડ પર લઇ રજુ દાખલ આંક-૨૮ આપવામાં આવેલ છે."

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટ તપાસ હાથ ધરેલ છે પરંતુ, ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવો સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

**(૭.૨)આંક-૨૯** થી જુબાની આપનાર **પંચ – કાન્તીભાઈ નગીનભાઈ નાયકે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''સને ૨૦૦૨ ની સાલમાં કલોલ શહેર પો.સ્ટે.ના જમાદારે મને પો.સ્ટે. માં બોલાવી એક તૈયાર પંચનામા ઉપર સહી કરવાનુ કહેતા, પોલીસના કહેવાથી મે પંચ નં. ૨ તરીકે મે મારી સહી કરી દિધેલ હતી. તે પંચનામામાં પોલીસે શું લખેલ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. પોલીસે જે પંચનામા ઉપર મારી સહી લીધેલ હતી તે મને બતાવવામાં આવે છે

તે જોઈને કહુ છુ કે, તેમા નં. ૨ તરીકે મારી સહી છે પંચનામાને રેકર્ડ ઉપર લઈ રજુ દાખલ આંક–૩૦ આપવામાં આવેલ છે.''

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટ તપાસ હાથ ધરેલ છે પરંતુ, ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવો સમર્થનકારી પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

(૭.૩)**આંક–૩૧** થી જુબાની આપનાર **સાહેદ – જયેન્દ્ર ડાહ્યાભાઈ વ્યાસે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ સને ૨૦૦૨ ની સાલમાં બનેલ હતો, મારો દિકરો મનન વખારીયા હાઈસ્કુલ, કલોલ મુકામે ભણતો હતો અને બપોરના રીશેષ સમય દરમ્યાન ભાવીક શતુજી તથા તેનો એક મિત્ર સ્કુલમાં આવી તેને વર્ગખંડમાંથી બહાર લઈ જઈ ગ્રાઉન્ડ પાસે લઈ જઈ મારા દિકરા મનનને તે બંને ઈસમોએ ગડદાપાટુનો માર મારેલ હતા. ત્યારબાદ મારા દિકરાને તેનો મિત્ર થરે લઈને આવેલ ત્યારે મે જોયુ તો મારા દિકરાને છાતીના ભાગે, મોઢા ઉપર, કાનના ભાગે, માથાના ભાગે ગડદાપાટુનો માર માર્યાની ઈજાઓ હોય જેથી હું તથા મારા પત્ની ભાવનાબેન મારા દિકરા મનનને સૌપ્રથમ સારવાર માટે સરકારી દવાખાને કલોલ મુકામે લઈ ગયેલા ત્યાંથી ડોકટરશ્રીએ વધુ સારવાર માટે રીફર કરતા ડો વિનોદ શાહના દવાખાને સારવાર માટે લઈ ગયેલો, જયાં ડોકટરશ્રીએ મારા દિકરાને તપાસી તેના કાનના અંદરના પડદાને નુકશાન થયેલ હોવાનુ જણાવેલ અને ડોકટરશ્રીએ મારા દિકરાને બહારના દર્દી તરીકે સારવાર આપી ઘરે મોકલેલા. ત્યારબાદ પો.સ્ટે.એ જઈ મારા દિકરા મનને સદર બનાવ અંગેની ફરિયાદ પો.સ્ટે.માં આપેલ હતી. તપાસ અધિકારીશ્રીએ મારું નિવેદન લીધેલ હતુ. આરોપી નં. ૧ ને જોયેથી ઓળખુ છુ, બીજા આરોપીની અટક ત્રિવેદી હતી.”

બચાવ પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ હાથ ધરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે મારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હાજર હતી. એ વાત ખરી છે કે, બનાવની જાણ મને

મારો દિકરો સ્કુલેથી ઘરે આવ્યો ત્યારે થયેલી. એ વાત ખરી છે કે, મેં પોલીસ રૂબરૂ આવેશમાં આવીને જવાબ આપેલો. એ વાત ખરી છે કે, આ જે બનાવ સ્કુલમાં બનેલ હોઈ, બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.''

(૭.૪) **આંક–૩૪** થી જુબાની આપનાર **ફરિયાદી – મનન જયેન્દ્રભાઇ વ્યાસે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે,''બનાવ સને ૨૦૦૨ ની સાલમાં બનેલ હતો. બનાવના સમયે હું વખારીયા હાઈસ્કુલ માં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. બનાવના દીવસે બપોરના આશરે ૦૧ વાગ્યાના સુમારે હું મારા વર્ગમાં હતો ત્યારે ડાભી ભાવીક આવીને મને કહેલ કે તારૂ કામ છે બહાર આવ જેથી હું કલાસથી બહાર આવી કંપાઉન્ડમાં ગયેલો અને ત્યાં તેનો એક મીત્ર ત્રીવેદી વિસ્મીમભાઈ ગીરીશભાઈ પણ હાજર હતો. ત્યારબાદ તે બંન્ને મને મોટર સાયકલ પર બેસાડી ગ્રાઉન્ડમાં લઈ ગયેલા અને ત્યારે ભાવીકે મને કીધેલ કે તું મને ઓળખે છે કે હું કોણ છું? તું બધાને કહેતો ફરે છે કે તું મને મારીશ? ત્યારબાદ ભાવીકે મને ગાળો બોલવા લાગેલ અને માર મારવા લાગેલ અને થોડી વારમાં ત્યાં બીજા વિધ્યાર્થીઓ આવી જતા તે લોકો મને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલા. તે બંન્ને જણા મને ડાબા કાન ના ભાગે, છાતીના ભાગે, બરડાના ભાગે માર મારેલ હતા. ત્યારબાદ હું મારા ઘરે ગયેલો અને ત્યાંથી મારા માતા પિતા મને સારવાર માટે કલોલ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે શ્રુતી હોસ્પિટલ લઈ ગયેલા જ્યાં ડોક્ટર શ્રીએ જણાવેલ કે મારા ડાબા કાનનો પડદો ફાટી ગયો છે અને મારી સારવાર શરૂ કરેલ હતા. ત્યારબાદ પો. સ્ટે. જઈ બનાવ અંગેની ફરીયાદ મેં આપેલ હતી. મને ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તેમાં મારી સહી છે. ફરીયાદ ને રેકર્ડ પર લઈ રજુ દાખલ **આંક : ૩૫** આપવામાં આવેલ છે.''

**આંક : ૩૪** થી જુબાની આપનાર ફરિયાદીએ બચાવપક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, અમો અને

આરોપીઓ સાથે અભ્યાસ કરતાં હતાં. એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે મારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, અમે અને આરોપીઓ મિત્ર થતાં હતા પરંતુ, સામાન્ય બોલાચાલી થતાં આવેશમાં આવીને મેં ફરિયાદ આપેલી. એ વાત ખરી છે કે, આરોપીઓએ મને કોઈ માર મારેલ નથી કે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.''

(૭.૫) **આંક : ૩૬** થી જુબાની આપનાર **સાહેદ – ભાવનાબેન જયેન્દ્રભાઇ વ્યાસે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે,''બનાવ તા. ૨૨/૦૭/૨૦૦૨ ના રોજ બનેલ હતો. બનાવ સમયે મારો દીકરો વખારીયા હાઇસ્કુલ માં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. બનાવના દીવસે બપોરના આશરે ૦૧ વાગ્યાના સુમારે મારો દીકરો તેના વર્ગમાં હતો ત્યારે ડાભી ભાવીક આવીને તેને કહેલ કે તારૂ કામ છે બહાર આવ જેથી તે ક્લાસથી બહાર આવી કંપાઉન્ડમાં ગયેલો અને ત્યાં તેનો એક મીત્ર ત્રીવેદી વિમ્મીમભાઈ ગીરીશભાઈ પણ હાજર હતો. ત્યારબાદ તે બંન્ને તેને મોટર સાયકલ પર બેસાડી ગ્રાઉન્ડમાં લઈ ગયેલા અને ત્યારે ભાવીકે તેને કીધેલ કે તું મને ઓળખે છે કે હું કોણ છું? તું બધાને કહેતો ફરે છે કે તું મને મારીશ? ત્યારબાદ ભાવીકે તેને ગાળો બોલવા લાગેલ અને માર મારવા લાગેલ અને થોડી વારમાં ત્યાં બીજા વિધ્યાર્થીઓ આવી જતા તે લોકો તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલા. તે બંન્ને જણા તેને ડાબા કાન ના ભાગે, છાતીના ભાગે, બરડાના ભાગે માર મારેલ હતા. ત્યારબાદ તે ઘરે આવેલો અને ઉપરોક્ત બનાવ અંગેની વાત મને તથા મારા પતિને કરતા અમે બંન્ને જણા અમારા દીકરાને સારવાર માટે કલોલ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે શ્રુતી હોસ્પિટલ લઈ ગયેલા જ્યાં ડોક્ટર શ્રીએ જણાવેલ કે તેના ડાબા કાનનો પડદો ફાટી ગયો છે અને તેની સારવાર શરૂ કરેલ હતા. ત્યારબાદ પો. સ્ટે.

જઈ બનાવ અંગેની ફરીયાદ મારા દીકરાએ આપેલ હતી. તપાસના અધીકારીએ મારૂ નિવેદન લીધેલ હતું.''

**આંક : ૩૬** થી જુબાની આપનાર સાહેદે બચાવપક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે મારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હાજર હતી. એ વાત ખરી છે કે, બનાવની જાણ મને મારો દિકરો સ્કુલેથી ઘરે આવ્યો ત્યારે થયેલી. એ વાત ખરી છે કે, મેં પોલીસ રૂબરૂ આવેશમાં આવીને જવાબ આપેલો. એ વાત ખરી છે કે, આ જે બનાવ સ્કુલમાં બનેલ હોઈ, બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.''

(૭.૬) **આંક–૩૭** થી જુબાની આપનાર **ડો.વિનોદકુમાર ચીમનલાલ શાહે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''હું કલોલ મુકામે ડોકટર હાઉસ સૃષ્ટી સર્જીકલ હોસ્પીટલ માં મારી મેડીકલ પ્રેકટીસ ઈએનટી તરીકે પ્રેકટીસ કરુ છુ. તા.૨૨.૭.૨૦૦૨ ના રોજ હું મારા દવાખાને હાજર હતો ત્યારે બપોરના ૧.૩૦ કલાકે દર્દી મનન જયેન્દ્રભાઈ વ્યાસ ઉવ.૧૫ રહે. કલોલ નાઓ મારા દવાખાને તેમના સગા સારવાર માટે લઈને આવેલ હતો તે દર્દીને જોતા ડાબા કાને મારામારીમા માર મારવામાં આવેલ છે. તે દર્દીને જોતા ડાબા કાને પડદામાં કાણુ પડેલ હતુ અને થોડી બહેરાશ હતી. જે દર્દીને મે પ્રાથમીક સારવાર આપેલ અને તે દર્દીને મે જણાવેલ હતુ કે ઓપરેશન કરવાનું જરુરીયાત નથી કે તે દર્દીને મે સારવાર આપેલ. તે અંગેનો સર્ટી. ત.ક.અ. ને તપાસના કામે આપેલ . જે દાખલો જોઈને કહુ છુ. તેમાં મારી સહી છે. જે રજુ દાખલ આંક–૩૮ આપવામાં આવે છે. દર્દીને જે ડાબા કાને ઈજા હતી તે ઈજા સામાન્ય રીતે માર મારવાના કારણે થઈ શકે તેવી ઈજા હતી.''

સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૭.૭) **આંક–૩૯** થી જુબાની આપનાર **પંચ – ધર્મેન્દ્રકુમાર ચંદ્રકાંત જોષીએ** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''સને–૨૦૦૨ ની

સાલમાં હું વખારીયા સ્કુલની પાસેથી પસાર થતો હતો ત્યારે તે સ્કુલ પાસે કોઈ માથાકુટ કોઈ ડાભી ની સાથે થયેલ હતી. અને પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા પંચ–૨ તરીકે સહી કરેલી. તે પંચનામામાં પોલીસે શું લખેલ હતુ તે મેં વાંચેલુ નહી. પોલીસ મને વાંચી સભળાવેલુ નહી. મને આંક–૨૮ પંચનામું બતાવવામાં આવે છે જેમાં મારી પંચ–૨ તરીકે સહી છે.''

સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૭.૮) **આંક–૪૦** થી જુબાની આપનાર **ત.ક.અમલદારશ્રી મફતલાલ જીવણલાલ** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,''તા.૨૨.૭.૨૦૦૨ ના રોજ હું કલોલ શહેર પો.સ્ટે. મો અહેકો તરીકે ફરજ બજાવતો હતો તે દીવસે પીએસઓ તરીકે ફરજ બજાવતા છનાલાલ મફતલાલ ના રુબુર ફરીયાદી મનન કુમાર જયેન્દ્રકુમાર વ્યાસનાઓએ ફરીયાદ આપેલ જે ફરીયાદના આધારે પીએસઓશ્રીએ સીઆરપીસી ની કલમ–૧૫૪ ના ફોર્મમાં ફગુરનં.૧૧૪/૨૦૦૨, ઈ પીકો કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ બે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરી ૧૫૭ નો રીપોર્ટ જાહેર કરી સદર ગુનાની આગળની તપાસ લેખીત ડેપ્યુટ યાદીથી મને આપેલ. જે મને બતાવવામાં આવે છે જેમાં પીએસઓશ્રી છનાભાઈ મફતલાલનાઓની સહી છે. જે રજુ દાખલ **આંક–૪૧** આપવામાં આવે છે. સદર ગુનાના કામની તપાસમાં પીએસઓશ્રીએ ફરીયાદની નકલ પણ આપેલ હતી. તપાસના કામે ફરીયાદની નકલ મળતા બનાવ હકીકતથી વાકેફ થઈ સૌપ્રથમ ગુનાવાળી જગ્યા વખારીયા સ્કુલ કમ્પાઉન્ડમાં બે સ્વતન્ન પંચો મહેશભાઈ નાયક અને કાંતીભાઈ નગીનભાઈ નાયક નાઓને બોલાવી સવારના ૯.૦૦ થી ૯.૩૦ સમય દરમ્યાન ગુનાવાળી જગ્યાનું પંચનામું ફરીયાદીના જણાવ્યા મુજબ કરેલ હતો. તે પંચનામામાં બન્ને પંચોની અને મારી રુબરુ તરીકે સહી કરેલ હતી. મને આંક–૩૦ પંચનામું બતાવવામાં આવે છે. તે

ગુનાવાળી જગ્યાનું પંચનામુ છે. ત્યારબાદ તપાસના કામમાં ફરીયાદી સાહેદ તા.૨૩.૭.૨૦૦૨ ના રોજ વિશેષ નીવેદન લેવામાં આવેલ તેમજ સાહેદ–જયેન્દ્રભાઈ ડાહયાભાઈ વ્યાસ, ભાવનાબેન જયેન્દ્રભાઈ વ્યાસ, જે ફરીયાદીના માતા પિતા છે તેમનું તા.૨૩.૭.૨૦૦૨ ના રોજ નિવેદન લેવામાં આવેલ. ત્યારબાદ સાહેદ–અરવીદભાઈ શામળદાસ વખારીયા હાઈસ્કુલના પ્રીન્સીપાલનુ નીવેદન તા.૨૩.૭.૨૦૦૨ ના રોજ લેવામા આવેલ હતુ. ત્યારબાદ તા.૨૫.૭.૨૦૦૨ ના રોજ સાહેદ–ગીરીશભાઈ ચંદુલાલ ત્રીવેદી નું નિવેદન તપાસના કામે લેવામાં આવેલ અને ત્યારબાદ આરોપીની તપાસ કરતા આ કામના આરોપીઓ મળી આવેલ હોય તેમજ આરોપી નં.–૨ ત્રીવેદી વિરીચમભાઈ ગીરીશભાઈ ગુનાના કામમાં ઉપયોગ કરેલ મોટરસાઈકલ રજુ કરતા હોય જેથી બે સ્વતંત્ર પંચો બીપીનભાઈ લક્ષ્મણ તથા ધર્મેન્દ્રકુમાર જોષીનાઓને બોલાવી બંન્ને પંચોની હાજરીમાં ગુનાના કામમાં ઉપયોગ કરવામાં આવેલ મોટરસાઈકલ કબજે કરવામાં આવેલ. જે પંચનામું કલાક–૧૨.૩૦ થી શરુ કરીને ૧૩.૦૦ સુધી કરવામાં આવેલ. તેમાં બંન્ને પંચો તથા રુબરુમાં મે સહી કરેલ. આંક–૨૮ નું પંચનામું બતાવાવમં આવે છે જેમાં બન્ને પંચો અને રુબરુ તરીકે મારી સહી છે.

ત્યારબાદ બંન્ને આરોપીઓને સમય મર્યાદામાં નામ. કોર્ટમાં રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ઈજા પામનાર ફરીયાદી મનન જયેન્દ્રભાઈ વ્યાસ કે જેઓ સૌપ્રથમ સૃષ્ટી સર્જીકલ હોસ્પીટલમાં સારવાર લીધેલ હોય તે દવાખાને જઈ દર્દીનો સારવાર નો દાખલ મેળવી તપાસના કામે સામેલ રાખેલહ તો. ત્યારબાદ ફરીયાદી ઈજાપામનાર સરકારી દવાખાને કલોલ માં જે સારવાર લીધેલ તે સારવારરનો દાખલો મ્યુની.હોસ્પીટલ મેડીકલ ઓફીસર પી.જી.પટેલ નાઓ પાસેથી મેળવેલ. મને સારવાર દાખલો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ. મ્યુની. હોસ્પીટલ કલોલ માં ફરીયાદી જે સારવાર લીધેલ તે જ સારવાર દાખલો છે જે રજુ દાખલ **આંક–૪૨** આપવામાં આવે છે. ત્યારબાદ આ

કામના આરોપીઓ વિરુધ્ધ ઈપીકો કલમ–૩૨૩,૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ચાર્જશીટ દાખલ કરવા માટે પુરતો પુરાવો હોય આરોપીઓ વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. મને આંક–૧ ની ચાર્જશીટ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે.''

સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

<u>**રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–**</u>

(૦૮) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તરફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપીઓ વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૫, ૫૦૬(૨), ૧૧૪ મુજબના** ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહિત કૃત્યની હકીકતો ફરિયાદ પક્ષ દ્વારા વાજબી શંકાથી પર પુરવાર કરવી જોઈએ.

(૦૯) આ કામે ઉપરોક્ત રજુ થયેલ પુરાવા સાથે કાયદાના સિદ્ધાંતો ધ્યાને લેતાં ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જ્યારે સોગંદ ઉપર જુબાની આપે છે, ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતાં હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ન આવે કે, સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે, તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું

છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી, કારણ કે, દરેક કેસની હકીકતો, સંજોગો, પરિસ્થિતિ, પ્રકાર, પુરાવો તથા આજુબાજુના પરિબળો તે તમામે–તમામ ભિન્ન–ભિન્ન પ્રકારના હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

ફોજદારી કાર્યવાહીમાં સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ, આરોપી પરનું તહોમત નિઃશંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૧૦) ઉપરોક્ત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લઈને જોઈએ તો આંક–૨૭ થી પંચ સાહેદ બીપીન લક્ષ્મીશંકર ત્રિવેદી તથા આંક–૨૯ થી પંચ સાહેદ કાન્તીભાઇ નગીનભાઈ નાયક તથા આંક–૩૯ થી પંચ સાહેદ ધર્મેન્દ્ર ચંદ્રકાંત જોષી નાઓને ફરિયાદ પક્ષ દ્વારા સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરેલ છે. જેથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. જેથી, આંક–૨૮ અને આંક–૩૦ વાળું પંચનામું ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

વધુમાં, ફરિયાદ પક્ષે તપાસેલ ભોગ બનનાર **ફરિયાદી–મનન જયેન્દ્રભાઇ વ્યાસ** નાઓએ તેમની સરતપાસમાં ફરિયાદ હકીકત મુજબની હકીકત જણાવેલ છે પરંતુ, બચાવપક્ષે હાથ ધરેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ આરોપીઓ તેમના મિત્ર થતાં હતા પરંતુ, સામાન્ય બોલાચાલી થતાં આવેશમાં આવીને તેઓએ ફરિયાદ આપેલી. તેઓએ વધુમાં સ્વીકારેલ છે કે, આરોપીઓએ તેઓને કોઇ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

વધુમાં, ફરિયાદ પક્ષે આંક–૩૧ તથા આંક–૩૬ ના સાહેદ જયેન્દ્ર ડાહ્યાભાઇ વ્યાસ તથા ભાવનાબેન જયેન્દ્રભાઇ વ્યાસે ફરિયાદ હકીકત મુજબની હકીકતો તેમની સરતપાસમાં જણાવેલ છે પરંતુ, બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે તેમજ બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા અને બનાવ બની ગયા બાદ તેઓ તેમના દિકરાની સ્કૂલે પહોંચેલા. તેઓ વધુમાં, સ્વીકારે છે કે, તેઓએ આવેશમાં આવીને પોલીસ રૂબરૂમાં જવાબ આપેલો તથા બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી.

આમ, મહત્વના ઈજા પામનાર સાહેદ ફરિયાદી તેમની ઉલટ તપાસમાં તેમની ફરિયાદ હકીકત મુજબ જણાવતાં નથી. અન્ય સાહેદ કે જે ફરિયાદી સગા છે તેઓ પણ ઉલટ તપાસમાં ફરિયાદ હકીકતને સમર્થન કરતાં નથી. પંચનામાંના પંચો હોસ્ટાઈલ થયેલા છે. તેવા સંજોગોમાં ફક્ત મેડીકલ ઓફિસર તથા તપાસ કરનાર અમલદારની જુબાની આધારે આરોપીઓને કસૂરવાર ઠેરવી શકાય તેમ નથી.

(૧૧) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવાઓ હાલના કેસને પુરવાર કરવા માટે ખૂબ જ અપુરતાં છે. ફરિયાદ પક્ષે આરોપી સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમને રેકર્ડ પર રજુ કરેલ નથી.

આરોપીઓ સામે જે મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે તે ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવો ખૂબ જ વિરોધાભાસી છે. ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદની જુબાનીની ગુણવત્તા આરોપીઓ સામે હાલનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે. ભારતીય ફોજદારી સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૫, ૫૦૬(૨), ૧૧૪ ની જોગવાઈઓના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષ આરોપીઓ સામે કડીબદ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફલ ગયેલ છે.

**(૧૨)** ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ સચોટ, કડીબદ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે વાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. જે પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આરોપી વિરૂદ્ધ ગુન્હો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, ફરિયાદ આરોપીઓએ **ભારતીય ફોજદારી સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૫, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો ગુન્હો કર્યાનું વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય નકારાત્મક ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

- આ કામના આરોપી નં.૧ ને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧)** અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપી નં.૨ ને **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકાં રજુ રાખવા.
- મુદ્દામાલનો અપીલ સમય પૂર્ણ થયા બાદ નિયમાનુસાર નિકાલ કરવાની કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ **૦૮** માહે **જુલાઇ**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૮/૦૭/૨૦૨૬**<br>**સ્થળઃ કલોલ.** | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |